ગાંધીનગરસમાચાર

Regd. No. GNR/65-G

# સે. ૭ના આદર્શ મતદાન મથકમાં મતદારો માટે રેડ કાર્પેટ બિછાવાઈ

## ગાંધીનગર(ઉ) વિધાનસભામાં બે સ્થાનોએ પાંચ મતદાન મથકોને આદર્શ મતદાન મથક નિયત કરાયા છે


(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર સે. ૭ માં બનાવાયેલ આદર્શ મતદાન મથકમાં મતદારો માટે રેડ કાર્પેટ પાથરવામાં આવી છે.

ગાંધીનગર (ઉ) વિધાનસભા મતવિસ્તારમાં બે સ્થળોએ પાંચ મતદાન મથકોને આદર્શ મતદાન મથક બનાવાયા છે. જેમાં પેથાપુર નગરપાલિકા વિસ્તારની પ્રા. શાળાના બે મથકો અને સે. ૭ ની પ્રા. શાળાના ૩ મતદાન મથકોનો સમાવેશ થાય છે.

ગાંધીનગરના આ પાંચ મતદાન મથકમાં પાંચ હજારથી પણ વધુ મતદારોને મતદાન માટે તંત્રએ નિમંત્રણ કાર્ડ પાઠવ્યા છે. આ ઉપરાંત જિલ્લા કલેક્ટરશ્રીએ પણ શહેરના એકસોથી વધુ મતદારોને પણ આવા નિમંત્રણ કાર્ડ પાઠવ્યા છે.

આ આદર્શ મતદાન મથકમાં રેડ કાર્પેટ પર મતદારો સરળતાથી પસાર થઈ શકે તેની વિશેષ કાળજી માટે ખાસ બેઠક વ્યવસ્થાઓ પણ ઉભી કરવામાં આવી છે જેથી વયસ્ક મતદારોને ખાસ મુશ્કેલી ના પડે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં સતત ત્રીજા દિવસે હિટવેવ

**પારો ૪૩.૫ ડીગ્રી**

ગાંધીનગર, તા.૨૯

આગાહી અનુસાર જ ગાંધીનગર સહિત સમગ્ર રાજયમાં હીટવેવની અસર સતત ત્રીજા દિવસે પણ રહી છે. મંગળવારે પારો ૪૩.૫ ડિ.સે. રહેતા વસાહતીઓ ભારે ગરમીથી હેરાન પરશાન થઈ ગયા હતા.

એપ્રિલના અંતિમ તબક્કામાં શહેરમાં ભારે ગરમી પડી રહી છે. ગાંધીનગરમાં સતત ત્રીજા દિવસે મહત્તમ તાપમાન ૪૩.૫ ડિ.સે. જેટલું ઉંચું રહ્યું હતું. આકરી ગરમીથી વસાહતીઓ કંટાળી ગયા છે. વસાહતીઓ ઘરમાં જ ભરાઈ રહેવાનું પસંદ કરે છે. શહેરમાં ભારે ગરમીની અસર જનજીવન પર જોવા મળી રહી છે. વહેલી સવારથીજ આકરો તડકો પડી રહ્યો છે. સવારે દસ વાગ્યા સુધીમાં તો તડકો અસહ્ય બની જાય છે. માર્ગો પર વાહનોની અવરજવર સાવ ઓછી બની જાય છે. કામ વગર ઘરમાંથી બહાર નીકળવાનું વસાહતીઓ ટાળી રહ્યા છે. વસાહતીઓ ગરમીથી રાહત મેળવવા માટે મોડી રાત્રે ઘરની બહાર ફરતા જોવા મળે છે. મહાત્મા મંદિરની સામેના બગીચા અને માર્ગો પર મેળા જેવી ભીડ જામે છે. વસાહતીઓ બરફ ગોળા અને ઠંડા પીણાની મોજ માણતા નજરે પડે છે. લઘુત્તમ તાપામન પણ ખુબ ઉંચું રહેતા ઉંઘ હરામ થઈ ગઈ છે. એસી કે કુલર ન હોય તો ફુલ સ્પીડે ચાલતા પંખા પણ કામમાં આવતા નથી. આકાશમાંથી વરસતા અગનગોળાઓના કારણે મંગળવારે છેક રાત સુધી ગરમ લુ ફુંકાઈ હતી. આખો દિવસ તપેલી જમીન મોડી રાત સુધી પણ ઠંડી ન પડતા ગરમીનો અનુભવ વધુ થતો હતો. આજે સિઝનની સૌથી વધુ ગરમી નોંધાઈ હતી. મહત્તમ તાપમાન ૪૩.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિ.સે. નોંધાયું હતું.

# તીવ્ર ગરમી વચ્ચે આજે રાજયમાં મતદાન

## ત્રણ કેન્દ્રિય મંત્રીઓ સાથે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને વિપક્ષી નેતા શંકરસિંહ તથા ભાજપના નેતા અડવાણીનો ફેસલો : ગુજરાતમાં આજ સવારે સાતથી સાંજના છ વાગ્યા સુધી મતદાન

ગાંધીનગર, તા.૨૯



ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકોની સામાન્ય અને વિધાનસભાની સાત બેઠકોની પેટા ચૂંટણી ૩૦?? એ-િલે યોજવામાં આવી રહી છે જેમાં વડોદરાની -તિષ્ઠાભરી બેઠક ઉપરથી ભાજપના વડા-ધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીનું ભાવિ નક્કી થશે. ભારતના ચૂંટણી પંચે મતદાનનો સમય સવારે ૭.૦૦ થી સાંજના ૬.૦૦ સુધીનો રાખ્યો છે. રાજયમાં મતદારોની સંખ્યા ૪.૦૫ કરોડ છે જેમાં ૨.૧૨ કરોડ પુરૂષ અને ૧.૯૩ કરોડ મહિલા મતદારોનો સમાવેશ થાય છે.

રાજયમાં કાળઝાળ ગરમીનું આક્રમણ શરૂ થયું છે અને તાપમાનનો પારો ૪૨ થી ૪૪ ડીગ્રીને ટચ કરી રહ્યો છે ત્યારે બપોરના

● અનુસંધાન પાન-૭ પર




# મતદાનના અંતે ઈ.વી.એમ. મશીન સ્ટ્રોંગરૂમમાં સીલ કરાશે

## સે. ૧૫ સ્થિત કોલેજમાં ૭ સ્ટ્રોંગરૂમ તૈયાર કરાયા

ગાંધીનગર, તા. ૨૯

લોકસભાની ચૂંટણીને અનુલક્ષી આજે મતદાનની પ્રક્રિયા હાથ ધરાશે. આકરી ગરમી વચ્ચે પણ મતદાનની ટકાવારી ઊંચી આવે તેવા પ્રયાસો હાથ ધરાયા છે. ત્યારે આજે દિવસના અંતે કેટલુ મતદાન થશે તેનુ ચિત્ર સ્પષ્ટ થઈ જશે. સે. ૧૫ સરકારી વિનિયન કોલેજ ખાતે ઈ.વી.એમ. મશીન રાખવા માટે ૭ સ્ટ્રોંગરૂમ તૈયાર કરી દેવાયા છે. મતદાનની પ્રક્રિયાના અંતે નેતાઓનું ભાવિ આ સ્ટ્રોંગરૂમમાં સીલ કરી દેવાશે. આગામી તા. ૧૬ મે ના રોજ હાથ ધરાનારી મતગણતરીની પ્રક્રિયાને ધ્યાને લઈને પણ કાઉન્ટીંગરૂમ તૈયાર કરવામાં આવ્યા છે.

૧૬મી લોકસભાની ચૂંટણીને લઈ આજે મતદાનની પ્રક્રિયા હાથ ધરાશે. આજે દિવસ દરમિયાન તંત્ર દ્વારા મતદાન મથકો પર જરૂરી સામગ્રીની ચકાસણી હાથ ધરી હતી. ૩૦મી એપ્રિલે સાંજ સુધી તમામ ઉમેદવારોનું ભાવિ ઈ.વી.એમ. મશીનમાં કેદ થઈ જશે.

● અનુસંધાન પાન-૭ પર

# ૮૫ હજાર જેટલા મતો દ્વારા આજે મોકપોલ પણ કરાશે !!

ગાંધીનગર, તા. ૨૯

આજે સવારે સાત વાગે મતદાન શરૂ થાય તે પૂર્વે ગાંધીનગર સંસદીય મત વિસ્તારના ૧૭૭૦ મતદાન મથકો પર મોકપોલ માટે ૮૫ હજાર જેટલા મતો તંત્રના અધિકારીઓ દ્વારા નાખી ઈવીએમની ચકાસણી કરવામાં આવશે.

મતદાન પૂર્વે ત્રણ વખત મોકપોલ કરી અને ઈવીએમની ચકાસણી કરવામાં આવે છે જેથી કોઈ ક્ષતિગ્રસ્ત ઈવીએમ થાય નહિ. આ વખતે ઈ.વી.એમ. સાથે વી.વી. પેટ પણ જોડવામાં આવનાર છે.

બે બેલેટ યુનિટથી મતદાન થવાનુ છે. વી.વી.પેટ અને નોટાનો ઉપયોગ સંસદની સામાન્ય ચૂંટણીમાં પહેલીવાર થઈ રહ્યો છે. સુરત વિધાનસભાની પેટા ચૂંટણીમાં ૨૫૦૦ જેટલા મતદારોએ નોટાનો ઉપયોગ કર્યો હતો જે ઉલ્લેખનીય છે. નોટાનુ બટન ૧૯મા ક્રમે છે. તેનુ ખાસ ચિહ્ન પણ છે. મોકપોલમાં ૫૦ જેટલા મતો નાખી અને મતદાન પૂર્વે તેની ચકાસણી કરવામાં આવે છે તેમજ તે મતો મતદાન પહેલા જ રદ પણ કરી દેવામાં આવે છે.

ખાસ મતકુટિર આ વખતે ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે બનાવાઈ છે તે પણ આ ચૂંટણીના મતદારો માટે આકર્ષણ છે. કોરૂગેટેડ પુંઠાની આ મતકુટિર સામાન્ય મતકુટિર કરતાં મોટી હશે.

# ૨૦૦૯માં રાજ્યની ૨૬ બેઠકો પર સરેરાશ ૪૭.૮૯ ટકા જ મતદાન થયું હતું

## જૂનાગઢ બેઠક પર સૌથી વધુ ૫૭.૮૮ ટકા જ્યારે ગાંધીનગર બેઠકમાં માંડ ૫૦ ટકા મતદાન નોંધાયુ હતુ

ગાંધીનગર, તા. ૨૯

વર્ષ ૨૦૦૯માં ૧૫મી લોકસભાની ચૂંટણી દરમિયાન ગુજરાતની ૨૬ બેઠકો પર સરેરાશ ૪૭.૮૯ ટકા જ મતદાન થયું હતું. જ્યારે આ ૨૬ બેઠકો પૈકી જૂનાગઢ બેઠક પરથી સૌથી વધુ ૫૭.૮૮ ટકા મતદાન નોંધાયુ હતુ. ગાંધીનગર બેઠક ઉપર પણ મતદાનની ટકાવારી ૫૦.૮૦ ટકા જ રહી હતી. અલબત્ત પ્રમાણમાં ઘણુ નીચુ મતદાન થયું હતું.

**વર્ષ ૨૦૦૯ની ચૂંટણીમાં ૨૬ બેઠકો પર મતદાનની ટકાવારી**

| લોકસભાની બેઠક | ટકાવારી | લોકસભાની બેઠક | ટકાવારી |
|---|---|---|---|
| કચ્છ | ૪૨.૫૪ | અમરેલી | ૩૯.૯૭ |
| બનાસકાંઠા | ૪૯.૮૩ | ભાવનગર | ૪૫.૧૫ |
| પાટણ | ૪૪.૬૭ | આણંદ | ૪૮.૪૧ |
| મહેસાણા | ૪૯.૭૩ | ખેડા | ૪૧.૫૮ |
| સાબરકાંઠા | ૪૯.૪૧ | પંચમહાલ | ૪૨.૬૪ |
| ગાંધીનગર | ૫૦.૮૦ | દાહોદ | ૪૪.૭૩ |
| અમદાવાદ પૂર્વ | ૪૨.૩૪ | વડોદરા | ૪૯.૦૨ |
| અમદાવાદ પશ્ચિમ | ૪૮.૨૨ | છોટાઉદેપુર | ૫૪.૧૯ |
| સુરેન્દ્રનગર | ૩૯.૭૩ | ભરૂચ | ૫૭.૧૪ |
| રાજકોટ | ૪૪.૬૩ | બારડોલી | ૫૭.૮૦ |
| પોરબંદર | ૪૭.૬૬ | સુરત | ૪૯.૦૧ |
| જામનગર | ૪૫.૭૯ | નવસારી | ૪૬.૬૬ |
| જુનાગઢ | ૫૭.૮૮ | વલસાડ | ૫૬.૧૧ |
| | | કુલ મતદાન | ૪૭.૮૯ |

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com